# હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી
## નવસારી કૃષિ યુનિવર્સિટી,
## નવસારી.

જા.નં. નકૃયુ /હિઅહિનિ /ઓડિટ/ ૩૮૫૫ /૧૪ તા.૦૨/૦૫/૨૦૧૪

**<u>અગત્યનું / જરૂરી સમય મર્યાદા</u>**

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદની ઓડિટ પાર્ટી ધ્વારા **<u>સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩</u>** એમ બે વર્ષનું ઓડિટ **<u>તા.૧૫/૦૪/૨૦૧૪ થી</u>** શરૂ થનાર હતું. જે લોકસભાની ચુંટણી હોવાથી મોકુફ રાખવામાં આવેલ હતું. હવેથી સદર ઓડીટ તા.૧૫–૦૫–૨૦૧૪ના રોજથી હાથ ધરવામાં આવનાર છે. સદર ઓડિટ દરમ્યાન ઓડિટને લગતું સાધનિક રેકર્ડ તૈયાર રાખવા જણાવવામાં આવે છે તેમજ સંબંધિત અધિકારી / કર્મચારી ઓડિટ સમય ફરજ પર હાજર રહી જરૂરી સહકાર આપવો. આ સાથે એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદનો અંગ્રેજી પત્ર ક્રમાંક <u>તા.૩૧/૦૩/૨૦૧૪</u> સામેલ છે, તો આપની કચેરીનું રેકર્ડ તૈયાર રાખી ઓડિટ પાર્ટીને માંગ્યા મુજબ રેકર્ડ રજૂ થાય તે જોવાની જવાબદારી જે તે કચેરીના વડાશ્રીની રહેશે.

વધુમાં જણાવવાનું કે, ઓડિટ સમય દરમ્યાન સાધનિક રેકર્ડ રજૂ ન થવાના કારણે ઓડિટ પારા ઉપસ્થિત થાશે તો તેની જવાબદારી કચેરીના વડાની રહેશે. જે ધ્યાને લઈ ઓડિટ પાર્ટીને સમયસર જરૂરી માહિતી / રેકર્ડ પુરૂ પાડવા વિનંતી.

આશા છે આપ જરૂરી સાથ અને સહકાર આપશો.

**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**

સામેલઃ– પત્ર

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

૧. તમામ યુનિયવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. તમામ યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓ, તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૪. કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા
૨/– આવનાર ઓડિટ **પાર્ટીના અધિકારી/કર્મચારીશ્રીઓની** રહેવા–જમવાની વ્યવસ્થા કરવા યોગ્ય થવા સારૂ.

<u>નકલ રવાનાઃ–</u>

૧. અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ ઘટતું કરવા સારૂ.